અપીલ અરજી નં.૧૭૬ તા.૭–૯–૦૯/૧૦

અરજદારઃ– શ્રી તુલસીદાસ બી. વાઘેલા

સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી તુલસીદાસ બી. વાઘેલાની તા.૨૯–૭–૦૯ નીઅરજીથી ડ્રાફટ ટીપી નં.૨૭ (ઉત્રાણ–કોસાડ) ના ફા.પ્લોટ નં.૮૮, ઈઝમેન્ટ રસ્તા બાબતનો મધ્યસ્થ કચેરી સુ.મ.ન.પા. તથા ડીઓપીના પત્ર નં.સી–૯૩૭ તા.૩–૭–૦૯ ના પત્રની નકલ આપવા તથા આ પત્ર બાબતમાં જે કાર્યવાહી થઈ હોય તેની નકલ આપવા તથા નગર રચના અધિકારી એકમ–૬ કાંસકીવાડ સુરત તરફથી તા.૧૯–૪–૦૯ પછી કોઈ પણ પ્રકારના પત્રો આવ્યા હોય તો તેની નકલ આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૭–૯–૦૯ ની અપીલ અરજી નં.૧૭૬/૨૦૦૯–૧૦

શ્રી તુલસીદાસ બી. વાઘેલાની તા.૨૯–૭–૦૯ ની અરજીથી ડ્રાફટ ટીપી નં.૨૭ (ઉત્રાણ–કોસાડ) ના ફા.પ્લોટ નં.૮૮, ઈઝમેન્ટ રસ્તા બાબતનો મધ્યસ્થ કચેરી સુ.મ.ન.પા. તથા ડીઓપીના પત્ર નં.સી–૯૩૭ તા.૩–૭–૦૯ ના પત્રની નકલ આપવા તથા આ પત્ર બાબતમાં જે કાર્યવાહી થઈ હોય તેની નકલ આપવા તથા નગર રચના અધિકારી એકમ–૬ કાંસકીવાડ સુરત તરફથી તા.૧૯–૪–૦૯ પછી કોઈ પણ પ્રકારના પત્રો આવ્યા હોય તો તેની નકલ આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારીના પત્ર નં.નોર્થઝોન/૩૩૫૧ તા.૨૭–૮–૦૯ થી પત્રના આધારે રૂા.૪/– દસ્તાવેજી ફી ભરી માહિતી લઈ જવા જણાવેલ. જે મુજબ અરજદારે દસ્તાવેજી ફીના નાણા ભરવા છતાં કોઈ પણ પ્રકારની માહિતી મળેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૯–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૩૬ તા.૧૧–૯–૦૯ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૩૯૭૮ તા.૧૮–૯–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે.

અરજદારની તા.૨૯–૭–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ ડ્રાફટ ટીપી નં.૨૭ (ઉત્રાણ–કોસાડ) ના ફા.પ્લોટ નં.૮૮, ઈઝમેન્ટ રસ્તા બાબતનો મધ્યસ્થ કચેરી સુ.મ.ન.પા. તથા ડીઓપીના પત્ર નં.સી–૯૩૭ તા.૩–૭–૦૯ ના પત્રની નકલ આપવા તથા આ પત્ર બાબતમાં જે કાર્યવાહી થઈ હોય તેની નકલ આપવા તથા મુદ્દા નં.૨ ડ્રાફટ ટીપી ૨૭ (ઉત્રાણ–કોસાડ) ફા.પ્લોટ નં.૮૮ બાબતમાં નગર રચના અધિકારી એકમ–૬ કાંસકીવાડ સુરત તરફથી તા.૧૯–૪–૦૯ પછી કોઈ પણ પ્રકારના પત્રો આવ્યા હોય તો તેની નકલ માંગવામાં આવેલ છે. જેના અનુસંધાને મ.જાહેર માહિતી અધિકારી તરફથી નોર્થઝોન/આ.નં.૩૩૫૧ તા.૨૭–૮–૦૯ ના રોજ મુદ્દા નં.૧ ડીઓપીશ્રીના પત્ર જાવક નં.સી.૯૩૭ તા.૩–૭–૦૯ ના પત્રની નકલ રૂા.૨/– દસ્તાવેજ ફી ભર્યેથી ઝેરોક્ષ આપી શકાશે. તેમજ સદર પત્ર બાબતમાં હાલમાં કાર્યવાહી ચાલુ છે. મુદ્દા નં.૨ નગર રચના અધિકારી તરફથી આવેલા પત્રની નકલ રૂા.૨/– દસ્તાવેજ ફી ભરપાઈ કર્યેથી મળી શકશે. જે અંગે અરજદારે તા.૨૮–૮–૦૯ ના રોજ રસીદ નં.૩૦૯૩૮ રૂા.૪/– ભરપાઈ કરેલ છે. અરજદારે તા.૭–૯–૦૯ ની અપીલ અરજીમાં રૂા.૪/– ભરપાઈ કરેલ હોવા છતાં પણ કોઈ પણ પ્રકારનો સંતોષકારક જવાબ મળ્યો નથી. જાહેર માહિતી અધિકારીએ અત્રે મોકલેલ વિગતોમાં નગર રચના અધિકારી, નગર રચના યોજના નં.એકમ–૬ તા.૧૫–૭–૦૯ નો પત્ર ક્રમાંક નં.ન.ર.યો./સુરત.૨૭(ઉત્રાણ–કોસાડ) જનરલ/૧ ૫૨૪ તથા ડીઓપીની નોંધ નં.સી.૯૩૭ તા.૩–૭–૦૯ ની પત્રની નકલ અરજદારે દસ્તાવેજ ફી ભર્યા પછી તેમના પત્ર નં.નોર્થઝોન/આ.નં.૩૭૨૦ તા.૯–૯–૦૯ થી અરજદારને પૂરી પાડતા પત્રની નકલ અત્રે રજૂ કરેલ છે. પરંતુ અરજદારની અપીલ અનુસાર તેમને મળેલ જણાતી નથી. પરંતુ મધ્યસ્થ કચેરીના પત્ર નં.સી/૯૩૭ તા.૩–૭–૦૯ પછી આ અંગે થયેલ કાર્યવાહીની ચોકકસ અને સ્પષ્ટ વિગતો અરજદારને પૂરી પડાયેલ જણાતી નથી કે ઈન્કાર માટેનું કોઈ કારણ કલમ–૮,૯ કે ૧૧ હેઠળ જણાયેલ નથી.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૯–૭–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ઉપરોકત નિર્દિષ્ટ કરેલ પત્રોની નકલો સહિત આ અંગે થયેલ કાર્યવાહીની ઉપલબ્ધ દફતર અનુસાર હકીકતલક્ષી માહિતી જરૂર જણાયે લાગત દફતરનું ઈન્સ્પેકશન સહિત આરટીઆઈ કાયદાની કલમ–૭ (૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી નોર્થઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/

તારીખ : –૧૦ – ૦૯

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી, (નોર્થઝોન), ..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી તુલસીદાસ બી. વાઘેલા,